જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૮/૨૦૧૮ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૫૨/૧૮

વટવા પોલીસ સ્ટેશન :

## છેલ્લા દોઢેક વર્ષથી નાસતો-ફરતો તથા ભાગેડુ જાહેર કરેલ મિલ્કત સબંધી પાસા અટકાયતીની સુરત શહેર ખાતેથી ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા તથા પો.સ.ઈ એસ.પી.ગોહીલ તથા સાથેના સર્વેલન્સ સ્કોડના વટવા પો.સ્ટે. તથા ખોખરા પો.સ્ટે. દાખલ થયેલ મિલ્કત સબંધી ગુનાના કામનો આરોપી નામે રાજુભાઈ ગભાભાઈ ઉર્ફે બાબુભાઈ જાતે-સરવૈયા ઉવ.૨૭ રહે, ખોજવા સિંગલ પુર ચાર રસ્તાની બાજુમાં બગીચાની સામે છાપરામાં ખોજવા મુળ-તળાજા રોયલ ચોકડીની બાજુમાં તાલુકો તળાજા જી-ભાવનગર નાઓની વિરુધ્ધ મે.પો.કમિ.શ્રી અમદાવાદના પાસા અટકાયતી ક્રમાક- પીસીબી/ડીટીએન/પાસા/૧૧૨/૨૦૧૭ તા.૦૧/૦૩/૨૦૧૭ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીની અમદાવાદ શહેરમાં તથા તેના બતાવેલ મુળ વતન ખાતે તથા અલગ-અલગ જગ્યાએ તપાસ કરતા છેલ્લા દોઢેક વર્ષથી મળી આવેલ ન હોય આરોપીને ટેકનીકલ સોર્સ આધારે તપાસ કરતા આરોપી ખોજવા ચોકડી પાસે ઝુંપડામાં સિંગલપુર ગામ નજીક સુરત શહેર ખાતે હોવાનુ જણાય આવતા વટવા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોર્ડના અહેકો કૈલાશ હિમ્મતરાવ બ.નં.૭૮૪૫ તથા અપોકો નરેન્દ્રકુમાર મફતલાલ બ.નં.૪૯૨૯ તથા રણજીતસિંહ નરેન્દ્રસિંહ બ.નં. ૧૦૩૮૭ નાઓ આરોપીની વૉચમાં રહી આરોપીને પકડી અત્રેના વટવા પોલીસ સ્ટેશન ખાતે લાવી આરોપીની વિરુધ્ધ દાખલ કરેલ વટવા પો.સ્ટે. સે.ગુરનં. ૩૨૬૮/૧૮ ધી ગુજરાત રાજ્ય અસામાજીક પ્રવૃતિ પ્રતિબંધક ધારા સને-૧૯૮૫(પાસા) ની કલમ-૮(૨)(ખ)(ગ) મુજબના ગુનામાં તા.૨૫/૦૮/૨૦૧૮ ના કલાક ૧૭/૪૫ વાગે પકડી અટક કરી આરોપીને નામદાર કોર્ટમાં રજુ કરતા નામદાર કોર્ટે આરોપીને કસ્ટડીમાં કેદમાં રહેવા સારુ સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપેલ છે.

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

## શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવવાળા રીઢા આરોપીને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

સંયુક્ત પોલીસ કમિ.શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ આર.એફ.સંગાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એસ.એસ.પરમાર સાહેબ તથા સર્વે સ્કોર્ડના સ્ટાફના માણસો પેટ્રોલીંગ દરમ્યાન અનીલવકીલની ચાલી ખાતે સાથે પો.કો.જલાભાઇ પીરાભાઇ બ.નં.૪૯૮૭ નાઓની.બાતમી હકિકત આધારે આરોપી ભુપેન્દ્ર ઉર્ફે ગોરૂ ભાનુપ્રતાપસિંગ યાદવ રહે, અનીલવકીલની ચાલી સામે પરમેશ્વરનગર મેમ્કો અમદાવાદ શહેર નાનો અમદાવાદ શહેર તથા આસ પાસના જીલ્લાઓ માંથી મે.પોલીસ કમિ.શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ નં. પીસીબી/હદપ/૪૪/૨૦૧૮ તા.૨૭/૦૨/૧૮થી બે વર્ષ માટે તડીપાર કરેલ હોય જે આરોપીને તા.૨૬/૦૮/૨૦૧૮ના કલાક ૨૧/૪૫ વાગ્યે પકડી અટક કરવામાં આવેલ અને સદર આરોપી અત્રેના શહેરકોટડા પોલીસ સ્ટેશનના સેકંડ ગુ.ર.નં.૩૦૯૮/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪ મુજબના ગુનામાં પણ નાસતો ફરતો હોય જેને અટક કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. આરોપીની સઘન પુછ પરછમાં આરોપી પોતે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતેના રાયોટીંગના ગુનાની કબુલાત કરેલ અને જે બાબતે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં.૧૯૯/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૩,૩૨૪ વિગેરે મુજબનો ગુનો નોંધાયેલ હોય જે ગુનામાં પણ આરોપી નાસતો ફરતો હોય જેથી આરોપીને કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના ગુનામાં સોંપવાની તજવીજ કરવામાં આવેલ છે.

**પુર્વ ઇતીહાસ-**

**આ કામનો આરોપી વિરૂધ્ધમાં અગાઉ શહેરકોટડા પોલીસ સ્ટેશન, મેઘાણીનગર પોલીસ સ્ટેશન તથા કૃષ્ણનગર પોલીસ સ્ટેશનોમાં શરીર સબંધી ગુનાઓમાં પકડાયેલ છે**

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

આજરોજ પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેરનાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક: પીસીબી/ ડીટીએન/ પાસા/ ૭૭૧/ ૨૦૧૮ તા.૨૪/૦૮/૨૦૧૮ ના હુકમ આધારે પાસા અટકાયતી હસમુખ ઉર્ફે હસુ રાણા રમેશભાઇ પરમાર ઉ.વ.૩૮ રહે-૧/૮, ૯૬ કવાર્ટર્સ બી કોલોની પાસે, સિવિલ હોસ્પિટલની પાછળ, શાહીબાગ, અમદાવાદ શહેર નાઓના વિરુધ્ધના પાસા વોરંટ હુકમની બજવણી આજરોજ તા.૨૬/૦૮/૨૦૧૮ કલાક:૧૧/૩૦ વાગે કરી જરૂરી જાપ્તા સાથે ખાસ જેલ પાલારા,ભુજ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"એલીસબ્રીજ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "એલીસબ્રીજ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.



નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.